# સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

તા. ૮/૨/૨૦૨૩

અગત્યની નોટિસ

આચાર્યશ્રીની સૂચના અનુસાર સંસ્થાના બી. એ. અને એમ. એ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જણાવવાનું કે ટૂંક સમયમાં કૉલેજ દ્વારા 'સાંસ્કૃતિક કાર્યક્રમ' (ટેલેન્ટ)નું આયોજન કરવામાં આવનાર છે. એમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૧૧/૨/૨૦૨૩ સુધીમાં પોતાના નામ ડૉ. પૂર્વી ઓઝા (ગુજરાતી વિભાગ) અને ડૉ. જોલી દેસાઇ (ભૂગોળ વિભાગ)ને સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ સુધીમાં નોંધાવી જવાના રહેશે.

## કાર્યક્રમ સંબંધિત જરૂરી સૂચનો :

- વિદ્યાર્થીઓ વ્યક્તિગત કે સમૂહમાં કાર્યક્રમની પ્રસ્તુતિ કરી શકશે.
- કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્ય, ફિલ્મી ગીત, સમૂહ ગીત, ગુજરાતી સુગમ સંગીત, ફિલ્મી ડાન્સ, મિમિક્રી, લઘુ નાટિકા, ગરબા, રાસ, લોકનૃત્ય, શાસ્ત્રીય અને લોકવાદ્ય, દુહા-છંદ ગાન વગેરેનો સમાવેશ કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓએ ૧૭ /૨/૨૦૨૩ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે તૈયાર કરેલ પોતાની પ્રસ્તુતિ નિર્ણાયકશ્રીઓ સમક્ષ પ્રસ્તુત કરવાની રહેશે. એમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓની કૃતિઓ જ કાર્યક્રમમાં પ્રસ્તુત કરવા દેવામાં આવશે.
- કાર્યક્રમની પ્રસ્તુતિ સંદર્ભે નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી ગણાશે.
- નિયત સમયમાં નામ નોંધાવવામાં નહીં આવે કે નિર્ણાયકશ્રી આગળ પોતાની પ્રસ્તુતિ રજૂ કરવામાં નહીં આવે તેવા વિદ્યાર્થીઓને કાર્યક્રમના દિવસે કોઈપણ સંજોગોમાં પ્રસ્તુતિ માટેની છૂટ આપવામાં આવશે નહીં.
- કાર્યક્રમની ગુણવત્તા જળવાશે તો જ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે એની ખાસ નોંધ લેવી.

કન્વીનર , સપ્તધારા

Scanned with OKEN Scanner